# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 08-09-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : રવિવાર

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- ભારતે ત્રણ આફ્રિકન દેશો - ઝિમ્બાબ્વે, ઝામ્બિયા અને માલાવીના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં લોકોની ખાદ્ય જરૂરિયાતોને પહોંચી વળવા માટે સહાય મોકલી છે.
- ટાઈમ મેગેઝીને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવને ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રના સૌથી મહત્વપૂર્ણ લોકોની યાદીમાં સામેલ કર્યા છે.
- પીઆઇબી ધ્વારા પીએમ કુસુમ યોજના હેઠળ નકલી મંજુરી પત્રની છેતરપીંડીથી સાવધ રહેવા લોકોને સુચના આપી.
- અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ, શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સૌપ્રથમ વાર ભારતની ત્રણ દિવસની મુલાકાતે.
- આજે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ - વિષય છે -બહુભાષી શિક્ષણ પ્રોત્સાહન : પરસ્પર સમજણ અને શાંતિ માટે સાક્ષરતા.
- એશિયા કપ હોકીમાં, ભારતે હુલુનબુર ખાતે યજમાન ચીનને ત્રણ-શૂન્યથી હરાવ્યું.
- પેરિસ પેરાલિમ્પિક ગેમ્સનો સમાપન સમારોહ આજે મોડી રાત્રે - તીરંદાજ હરવિંદર સિંહ અને દોડવીર પ્રીતિ પાલ ભારતના ધ્વજવાહક હશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## MEA-INDIA-ASSISTANCE

ભારતે ત્રણ આફ્રિકન દેશો - ઝિમ્બાબ્વે, ઝામ્બિયા અને માલાવીના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં લોકોની ખાદ્ય જરૂરિયાતોને પહોંચી વળવા માટે સહાય મોકલી છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ગઈ કાલે માલાવી માટે એક હજાર મેટ્રિક ટન ચોખાનો માલ રવાના થયો હતો. એ જ રીતે, ઝિમ્બાબ્વે માટે એક હજાર મેટ્રિક ટન ચોખાનો માલ ગઈકાલે નવાશેવા બંદરેથી રવાના થયો હતો. ઝામ્બિયામાં તેરસો મેટ્રિક ટન મકાઈ મોકલવામાં આવી છે.

ભારતે ગઈકાલે દિલ્હીથી ચાડમાં ભીષણ આગ બાદ ચાડ માટે જરૂરી 2300 કિલો જીવનરક્ષક દવાઓ અને તબીબી પુરવઠો મોકલ્યો હતો.

## ASHWINI-VAISHNAW---TIME-MAGAZINE

ટાઈમ મેગેઝીને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવને ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રના સૌથી મહત્વપૂર્ણ લોકોની યાદીમાં સામેલ કર્યા છે. શ્રી વૈષ્ણવનું નામ આ યાદીમાં "શેપર્સ" શ્રેણીમાં છે. મેગેઝિને જણાવ્યું હતું કે શ્રી વૈષ્ણવના નેતૃત્વમાં ભારત આગામી પાંચ વર્ષમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રે ટોચના પાંચ દેશોમાં સામેલ થવાની અપેક્ષા છે. વધુમાં જણાવ્યું હતું કે આધુનિક AI સિસ્ટમ્સમાં મહત્વપૂર્ણ ઘટકો માટે ઘણી ફેક્ટરીઓમાં બાંધકામનું કાર્ય શરૂ થઈ ગયું છે. ટાઈમ મેગેઝિને એમ પણ કહ્યું છે કે ભારતીય શિક્ષણ પ્રણાલી એઆઈ અને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ માટે જરૂરી કર્મચારીઓના વિકાસને વેગ આપી રહી છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે કહ્યું છે કે ટાઈમ મેગેઝીનની યાદીમાં શ્રી વૈષ્ણવના નામનો સમાવેશ દર્શાવે છે કે તેઓ એઆઈના ક્ષેત્રમાં ભારતને આગળ લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

## PIB---FACT-CHECK

પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો, PIBના સત્યતા ચકાસણી યુનિટે એવા કૌભાંડ સામે ચેતવણી આપી છે જેમાં છેતરપિંડી કરનારાઓ પીએમ કુસુમ યોજના હેઠળ નોંધણી ફી તરીકે આઠ હજાર રૂપિયા માંગી રહ્યા છે. સત્યતા ચકાસણી યુનિટે જણાવ્યું હતું કે, લોકોને નકલી મંજૂરીનો પત્ર મોકલવામાં આવી રહ્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે આ યોજના હેઠળ તેમની અરજી

નોંધણી ફી ચૂકવ્યા પછી મંજૂર કરવામાં આવશે. સરકારે આવા કોઈપણ દાવાને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે આ પત્ર નકલી છે.

નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે ભારપૂર્વક સલાહ આપી છે કે પીએમ-કુસુમ યોજનામાં રસ ધરાવતા લોકોએ કોઈપણ વ્યક્તિગત માહિતી આપતા પહેલા અથવા પૈસા જમા કરાવતા પહેલા વેબસાઇટની અધિકૃતતા તપાસવી જોઈએ. પાત્રતા અને અમલીકરણ સંબંધિત વિગતવાર માહિતી મંત્રાલયની વેબસાઇટ **"pmkusum(dot)mnre(dot)gov(dot)in"** અને ટોલ-ફ્રી નંબર 1800-180-3333 પર ઉપલબ્ધ છે.

## CROWN PRINCE- VISIT

અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ ,શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન ભારતની ત્રણ દિવસની મુલાકાતે આજે નવી દિલ્હી પહોંચ્યા છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ દ્વારા એરપોર્ટ પર તેમનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ તરીકે આ તેમની પ્રથમ ભારત મુલાકાત છે. ક્રાઉન પ્રિન્સ સાથે સંયુક્ત આરબ અમીરાતના અનેક મંત્રીઓ અને એક ઉદ્યોગપતિઓનું જુથ  પણ છે. તેઓ આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળશે અને દ્વિપક્ષીય સહયોગના વિવિધ ક્ષેત્રો પર ચર્ચા કરશે. ક્રાઉન પ્રિન્સ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળવાના છે અને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા રાજઘાટની મુલાકાત પણ લેશે. મંગળવારે તેઓ એક બિઝનેસ ફોરમમાં ભાગ લેવા માટે મુંબઈની મુલાકાત લેશે, જેમાં બંને દેશોના ઉધ્યોગપતિઓ પણ ભાગ લેશે. તાજેતરના વર્ષોમાં, ભારત અને UAE વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી, વેપાર, રોકાણ, કનેક્ટિવિટી, ઉર્જા, ટેકનોલોજી, શિક્ષણ અને સંસ્કૃતિ સહિતના વિશાળ ક્ષેત્રોમાં ખૂબ ગાઢ બની છે. ક્રાઉન પ્રિન્સની મુલાકાત મજબૂત ભારત-યુએઈ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબુત બનાવશે અને નવા અને ઉભરતા ક્ષેત્રોમાં ભાગીદારી માટેના માર્ગો ખોલશે.

## VP-LITERACY-DAY

આજે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ છે. દરેક વ્યક્તિ, સમુદાય અને સમાજ માટે સાક્ષરતાના મહત્વ તરફ ધ્યાન દોરવા માટે તેનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષનો  વિષય છે -બહુભાષી શિક્ષણ પ્રોત્સાહન : પરસ્પર સમજણ અને શાંતિ માટે સાક્ષરતા

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એક મોટું પરિવર્તનકારી પગલું છે અને તે યુવાનોને તેમની પ્રતિભા અને ઊર્જાનો સંપૂર્ણ ઉપયોગ કરવાની તક પૂરી પાડે છે. આજે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે ભાષાઓની સમૃદ્ધિની દ્રષ્ટિએ ભારત એક અનોખો દેશ છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં માતૃભાષાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.

શ્રી ધનખડે દરેક વ્યક્તિને ઓછામાં ઓછી એક વ્યક્તિને સાક્ષર બનાવવાની પ્રતિજ્ઞા લેવા વિનંતી કરી. તેમણે કહ્યું કે કોઈને સાક્ષર બનાવવું એ માનવતાની સેવા છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે હવે દેશને આગળ વધતા કોઈ રોકી શકશે નહીં. શ્રી ધનખડે જણાવ્યું હતું કે ગામડાઓ સુધીમાર્ગ સંપર્ક , શાળાઓ, વીજળી, શૌચાલય અને ઇન્ટરનેટ સેવાઓ સાથે દેશ તમામ ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યો છે.

## DEFENCE-CORE-PROGRAMME

દેશની ત્રણેય સેવાઓના મેજર જનરલ અને તેમના સમકક્ષ અધિકારીઓ તેમજ સંરક્ષણ, વિદેશ અને ગૃહ મંત્રાલયના અધિકારીઓ માટે સંયુક્ત સમીક્ષા અને મૂલ્યાંકન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે સંકલિત સંરક્ષણ સ્ટાફ મુખ્ય મથક આવતીકાલથી દિલ્હીમાં ત્રણેય સેવાઓના અધિકારીઓ માટે પાંચ દિવસીય પ્રથમ સંયુક્ત સમીક્ષા અને મૂલ્યાંકન કાર્યક્રમ હાથ ધરશે.. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વ્યૂહાત્મક યોજનાઓ બનાવવાનો, ભવિષ્યના જોખમો, પડકારો અને સંઘર્ષોની અપેક્ષા રાખવાનો અને તેના માટે પોતાને તૈયાર કરવાનો છે. આ કાર્યક્રમ કામગીરી માટે સક્ષમ વાતાવરણ બનાવવા માટે વિવિધ સેવાઓ વચ્ચે સંકલનને પ્રોત્સાહન આપશે. દરરોજ વિવિધ વિષયો પર વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા પેનલ ચર્ચાઓ અને વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...**

## BJP-LIST

**ભાજપે આગામી જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે 10 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. આરએસ પઠાનિયા ઉધમપુર પૂર્વ વિધાનસભા બેઠક પરથી અને ગુલામ મોહમ્મદ મીર હંદવાડા બેઠક પરથી ભાજપના ઉમેદવાર હશે. નસીર અહેમદ લોન બાંદીપોરા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે.**

## PM-NUAKHAI GREETINGS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નુઆખાઈના અવસર પર હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયામાં, શ્રી મોદીએ દેશના ખેડૂતોનો આભાર વ્યક્ત કર્યો અને સમાજ માટેના તેમના પ્રયાસોની પ્રશંસા કરી

## PREZ-LKO-CONDOLENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈ કાલે લખનૌમાં ઇમારત ધરાશાયી થવામાં માર્યા ગયેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઘાયલોની ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં માર્યા ગયેલા પ્રત્યેક વ્યક્તિના નજીકના પરિવારને **2-2** લાખ રૂપિયા વળતરની જાહેરાત કરી છે. ઘાયલોને **50,000** રૂપિયા આપવામાં આવશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે આ ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી છે.

## ISTS-CONFERENCE-AIIMS

**દેશમાં અંગ પ્રત્યારોપણ કરવા માટે પ્રશિક્ષિત અને કુશળ સર્જનની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નવી દિલ્હી ઈન્ડિયન સોસાયટી ઓફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન્સે આજે એઈમ્સ હોસ્પિટલ, ખાતે બે દિવસીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. એઈમ્સના સર્જરી વિભાગના પ્રોફેસર બી.કે. બંસલે જણાવ્યું હતું કે સમિતિ સરકારી હોસ્પિટલોમાં અંગ પ્રત્યારોપણની સંખ્યા વધારવા અને ઓપરેશન માટે જરૂરી પ્રશિક્ષિત ડોકટરોની ઉપલબ્ધતા માટે પ્રયત્નો કરી રહી છે.**

**આ સંમેલનનો ઉદ્દેશ્ય વિવિધ વિશેષતાઓના પ્રત્યારોપણ સર્જનોની ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો અને આ ક્ષેત્રમાં પ્રશિક્ષિત ચિકિત્સકોની અછતને દૂર કરવાનો છે.**

## ASIA-CUP-HOCKEY

એશિયા કપ હોકીમાં, ભારતે હુલુનબુર ખાતે યજમાન ચીનને ત્રણ-શૂન્યથી હરાવ્યું છે.

સુખજીત સિંહ, ઉત્તમ સિંહ અને અભિષેકે પ્રથમ ત્રણ ક્વાર્ટરમાં ગોલ કરીને ભારતની શરૂઆતની મેચમાં વિજય મેળવ્યો હતો. આવતીકાલે ભારતનો આગામી મુકાબલો જાપાન સામે થશે.

પુરુષોની એશિયન હોકી ચેમ્પિયનશીપ સ્પર્ધા આજથી ચીનના હુલુનબુર શહેરમાં શરૂ થઈ છે.. ગયા મહિને પેરિસ ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક જીત્યા બાદ, ભારત આ વર્ષે તેનું વિક્રમ પાંચમું ટાઇટલ જીતવા માટે પ્રયાસ કરશે

## ADD-PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિક ગેમ્સ આજે મોડી રાત્રે સમાપ્ત થશે. ફ્રાન્સના નેશનલ સ્ટેડિયમ સ્ટેડ ડી ફ્રાન્સ ખાતે સમાપન સમારોહ યોજાશે. પેરિસ પેરાલિમ્પિક્સના સમાપન સમારોહમાં તીરંદાજ હરવિંદર સિંહ અને દોડવીર પ્રીતિ પાલ ભારતના ધ્વજવાહક હશે. આજે પૂજા ઓઝા મહિલા કાયક સિંગલ્સ 200m KL-1 સ્પ્રિન્ટ કેનોઇંગ ઇવેન્ટની ફાઇનલમાં સ્થાન મેળવવાથી ચૂકી જતાં પેરાલિમ્પિક ગેમ્સમાં ભારતના અભિયાનનો અંત આવ્યો.ગઈ  મોડી રાત્રે નવદીપ સિંહે સુવર્ણ અને સિમરન શર્માએ રજત ચંદ્રક જીત્યા બાદ, ભારતના કુલ ચંદ્રકની સંખ્યા વધીને 29 થઈ ગઈ છે અને ભારત ચંદ્રક ટેબલમાં 18માં સ્થાને છે.